દાખલ તારીખ :– ૦૧–૦૯ – ૨૦૨૩

રજીસ્ટર તારીખ :– ૦૧–૦૯ – ૨૦૨૩

નિકાલ તારીખ :– ૧૬ –૦૩–૨૦૨૫

સમયગાળો :– <u>વર્ષ – માસ– દિવસ</u>

૦૨ ૦૬ ૧૫

**અંજારના મહે. બીજા અધીક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, અંજાર–કચ્છ.**

**<u>ફોજદારી કેસ નંબર : ૧૩૫૫/૨૦૨૩</u>**

**આંક:– /બી**

**શ્રી સ ર કા ર.** ..... **ફરીયાદી**

વિરૂદ્ધ

**(૧) ગોવિંદ ચનાભાઈ હુંબલ**
ઉ.વ.૩૭, ધંધો : ડ્રાઈવીંગ
રહે. ચાંદરાણી,
તા. અંજાર–કચ્છ.

**(૨) ભાવેશ શંકરભાઈ હુંબલ**
ઉ.વ.૨૮, ધંધો : ડ્રાઈવીંગ
રહે. ચાંદ્રાણી, તા.અંજાર–કચ્છ. .... **આરોપીઓ**

**ગુન્હો :–ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૩, ૫૦૪, ૪૪૦, ૧૧૪ મુજબ**

<u>ફરિયાદી તરફે વિ.એ.પી.પી.શ્રી : એન.એસ.ઠકકર</u>

<u>આરોપીઓ તરફે વિ.વકીલ શ્રી : એચ.જે.સોનપાર તથા સી.કે.ગઢવી</u>

::- **ઠ રા વ** ::-

(૧) ફરીયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૦/૦૫/૨૦૨૩ ના રાત્રીના ક. ૧૦.૦૦ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદી સરહદ ડેરીમાં હાજર હોય અને રાત્રીના સમયે આ કામના બંને આરોપીઓ ગેટ પાસે આવી અંદર જવાનું જણાવતા ડેરીના નિયમ મુજબ અંદર જવાની ના પાડતા બંને આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ જઈ આરોપી નં.૧ વાળાએ ફરીયાદીને કહેલ કે આ ડેરી અમારા ગામની છે ના પાડવા વાળા તમે કોણ તેમ કહી ફરીયાદીને જેમ તેમ ગાળો બોલી આરોપી નં.૨ વાળાએ ધકબુસટનો માર મારી તેમજ ગેટનો બુમ બેરીયર તોડી નુકશાન કરી, ગુનામાં એકબીજાની મદદગારી કરેલ હોવા અંગેની ફરીયાદ ફરીયાદીએ દુધઈપોલીસ સ્ટેશન માં આપતા પોલીસે ગુન્હા રજીસ્ટર નં.૧૧૯૯૩૦૧૪૨૩૦૦૮૫/૨૦૨૩ થી ભારતીય દંડ સંહિતા કલમ-૩૨૩, ૫૦૪, ૪૪૦,૧૧૪ અન્વયેનો ગુન્હો નોંધેલ છે.ત્યારબાદ તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ કરી આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપીઓને અટક કરેલ અને તેઓના વિરુધ્ધ પુરતા પુરાવા હોઈ તેઓ વિરુધ્ધનું હાલનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલ.

(૨) ત્યારબાદ આ કામે આરોપીઓને સમન્સની બજવણી થયેથી આરોપીઓ વિ.વ. શ્રી મારફત હાજર થતાં તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ: ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ હોવાની ખાત્રી કરવા માં આવેલ. ત્યારબાદ આ કામે આંક-૪ થી આરોપીઓ વિરુધ્ધ તહોમતનામું ફરમાવી આરોપીઓની આંક: ૫ અને ૬ ના નિવેદનથી પ્લી રેકર્ડ કરતાં આરોપીઓ એ ગુનાનો ઈન્કાર કરતાં આરોપીઓ વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

દરમ્યાન ચાલતા કામે આ કામે પક્ષકારો વચ્ચે રાજીખુશીથી સ્વેચ્છાએ સમાધાન

થતાં આંક : ૩પ થી સમાધાન પુરશીશ રજુ રાખતા આ કામે આરોપીઓને ફરીયાદી સાથે રાજીખુશી થી સ્વેચ્છાપુર્વક સમાધાન થઈ ગયેલ હોઈ આરોપીઓ ને સી.આર.પી.સી. કલમ– ૩૨૦(૧) મુજબ ઈ.પી.કો.કલમ–૩૨૩, પ૦૪, ૧૧૪ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે. જયારે બાકીના ગુન્હા ઈ.પી.કો.કલમ–૪૪૦,૧૧૪ પુરતો કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબના મૌખીક અને દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**–:: મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ::–**

૧. આંક– ૧૩ થી ફરીયાદી વૈભવ સુરેશભાઈ જાનીની જુબાની

૨. આંક– ૧૪ થી દુધઈ પો.સ્ટે. ને ફરીયાદીએ લખેલ લેટર

૩. આંક–૧૭ થી ફરીયાદ

૪. આંક–૧૮ થી પી.એસ.આઈ દુધઈ પો.સ્ટે ને બનાવના સીસીટીવી કુટેજ ની સીડી આપવાનો ફરીયાદીએ લખેલ પત્ર

પ. આંક–૩૬ થી સાહેદ બાલાભાઈ ઘુસાભાઈ ચુડાસમાની જુબાની

૬. આંક–૩૭ થી સાહેદ તુલસીભાઈ રવજીભાઈ કોઠીવારની જુબાની

૭. આંક–૩૮ થી સાહેદ સચીનભાઈ સંભુભાઈ સોનારાની જુબાની

૮. આંક–૩૯ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું (બચાવપક્ષની સંમતિથી)

૯. આંક–૪૦ થી આરોપીઓનું અટક પંચનામું (બચાવપક્ષની સંમતિથી)

ત્યારબાદ આ કામે વિ.એ.પી.પી.શ્રી મારફત આંક–૪૨ થી કલોઝીંગ પુરશીશ રજુ થતાં અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલા નથી. તેમજ

આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ: ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોઈ આરોપીઓનું વિશેષ નીવેદન નોધવામાં આવેલ નથી.

(૪) ત્યારબાદ સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીની તથા આરોપી ઓ તરફે વિધ્વાન વકીલ શ્રી ની દલીલો સાંભળી.

(૫) ફરીયાદપક્ષના કેસની હકીકત તથા રેકર્ડ ઉપરના પુરાવાને ધ્યાનમાં લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

**<u>-:: મુદા ::-</u>**

(૧)શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૦/૦૫/૨૦૨૩ ના રાત્રીના ક. ૧૦.૦૦ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદી સરહદ ડેરીમાં હાજર હોય ત્યારે આ કામના બંને આરોપીઓ ગેટ પાસે આવી અંદર જવાનું જણાવતા ડેરીના નિયમ મુજબ અંદર જવાની ના પાડતા બંને આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ જઈ આરોપી નં.૧ વાળાએ ફરીયાદીને કહેલ કે આ ડેરી અમારા ગામની છે ના પાડવા વાળા તમે કોણ તેમ કહી ગેટનો બુમ બેરીયર તોડી નુકશાન કરી, ગુનામાં એકબીજાની મદદગારી ભારતીય દંડ સંહિતા કલમ-૪૪૦,૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયના કારણો અને તારણો નીચે મુજબ છે.

**<u>નિર્ણયો:-</u>**

(૧) નકારમા.

(૨) આખરી હુકમ મુજબ.

::- <u>કારણો</u> ::-

**<u>મુદા નંબર ૧ :-</u>**

(૭) આ કામે પક્ષકારો વચ્ચે સમાધાન થઈ જતાં આરોપીઓને ભારતીય દંડ સંહિતા કલમ-૩૨૩,૫૦૪, ૧૧૪ અન્વયેના ગુન્હા સબબ સી.આર.પી.સી.કલમ -૩૨૦(૧) હેઠળ નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ હોય આરોપીઓ સામે માત્ર ભારતીય દંડ સંહિતા કલમ: ૪૪૦,૧૧૪અન્વયેના ગુન્હા પૂરતું જ મૂલ્યાંકન કરવાનું રહે છે.

(૮) આ કામે ફરીયાદપક્ષે આંક : ૧૩ થી ફરીયાદી વૈભવ સુરેશભાઈ જાની ને તપાસી આંક : ૧૬ થી એફ.આઈ.ઓર નોંધવા દુધઈ પો.સ્ટે ને લખેલ પત્ર તેમજ આંક: ૧૭ થી ફરીયાદ તેમજ આંક : ૧૮ થી બનાવના સીસીટીવી ફુટેજની સીડી દુધઈ પો.સ્ટે ને આપવાનો પત્ર સદર સાહેદની જુબાનીમાં રજુ થયેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં ફરીયાદ મુજબની હકીકત જણાવેલ છે પરંતુ આ કામે પક્ષકારો વચ્ચે સમાધાન થતાં આરોપીઓને ઈ.પી.કો.કલમ-૩૨૩,૫૦૪, ૧૧૪ અન્વયેના ગુન્હા સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ હોય ત્યારે આ કામે માત્ર ઈ.પી.કો કલમ: ૪૪૦, ૧૧૪ મુજબના ગુના ના આવશ્યક તત્વો પુરવાર થાય છે કે કેમ તે અંગે જોઈએ તો, બનાવના દિવસે તેઓ નોકરી ઉપર હાજર હતા તેવો આધાર કોઈને આપેલ નથી તેમ તેમજ કંપનીના ગેટ પાસે ગામ ના ઘણાબધા માણસો હાજર થઈ ગયેલા હતા . કહેવાતો બનાવ બનેલ ત્યારે તેઓ કંપનીની એચ.આર ઓફીસ માં હતા, બનાવ તેમણે નજરે જોયેલ નથી. કંપનીના

માણસે તેમને ફોન કરેલ ત્યારે તેઓ ગેટ પર ગયેલ ત્યારે કંપનીના ગેટનું બુમ બેરીયર નુકસાન પહેલાથી થયેલ હતુ.વધુમા તેઓની હાજરીમાં આરોપીઓએ કંપની ના કોઈ ગેટનું બુમ બેરીયરને કે કોઈપણ જાતનુ નુકસાન પહોંચાડેલ નથી. તેમજ તેમના ઉપરી અધીકારીના કહેવાથી હાલની ફરીયાદ કરેલ હોવાનું ઉલટ તપાસમાં સ્વીકારેલ છે.

(૯) વધુમાં આ કામે આંક–૩૬ થી સાહેદ બાલાભાઈ ઘુસાભાઈ ચુડાસમા, આંક–૩૭ થી સાહેદ તુલસીભાઈ રવજીભાઈ કોઠીવાર તથા આંક– ૩૮ થી સાહેદ સચીનભાઈ સંભુભાઈ સોનારા નાઓને ફરીયાદપક્ષે તપાસતા તેઓએ પોતાની જુબાનીમાં બનાવ આજ થી ત્રણેક વર્ષ અગાઉ ચાંદરાણી ગામ પાસે આવેલ સરહદ ડેરી ના પ્લાન્ટ પાસે રાત્રીના દસેક વાગે બનેલો. તેઓ બનાવ સમયે આ ડેરીમાં હતા ત્યારે ડેરીના મેઈન ગેટ પર બોલાચાલીનો અવાજ થતા તેઓ ત્યાં ગયેલ અને જોયેલ તો ત્યાં ઘણાબધા લોકો ભેગા થઈ ગયેલા અને ત્યાં અમુક માણસો ડેરીમાં અંદર આવવા ઝઘડો કરતા હતા અને ત્યાં ડેરીના બેરીયરને નુકસાન થયેલ હતુ.આ લોકો માંથી અમુક લોકો ગાળાગાળી કરતા હતા.ગાળાગાળી કરવા વાળા કોણ હતા તે હકીકત તેઓ ત્યાં ઘણા લોકો ભેગા થયેલ હોય જણાવી શકે નહી તેવી હકીકત જણાવતા હોય ફરીયાદપક્ષે એપીપીશ્રીએ આ ત્રણેય સાહેદોને ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી અને કંપનીના ગેટ પાસે ગામના ઘણા બધા માણસો હાજર હતા અને બનાવ તેમણે નજરે જોયેલ ન હોવાનું અને કંપનીના ગેટનું બુમ બેરીયરને નુકશાન પહેલાથી થયેલું હતુ અને આરોપીઓએ ગેટના બુમ બેરીયર ને કોઈપણ જાતનું નુકશાન પહોંચાડેલ નથી. તેવી હકીકત જણાવતા હોય ફરીયાદપક્ષે આ તમામા સાહેદોની જુબાની ઉપરથી આ કામના આરોપીઓએ સદોષ અવરોધનો ભય ઉભો કરવાની તૈયારી કર્યા બાદ બગાડનો ગુનો કરેલો હોય

કે આરોપીઓએ કોઈ વ્યકતીનું મૃત્યુ નીપજાવવા અથવા વ્યથા કરવા અથવા સદોષ અવરોધ કરવાની તૈયારી સાથે સરહદ ડેરીના ગેટ ઉપરના બુમ બેરીયર તોડી તેને નુકશાન પહોંચાડેલ હોય તેવી હકીકત સાહેદોની જુબાનીમાંથી જણાઈ આવતી ન હોય આ કામના આરોપીઓ સામે ઈપીકો કલમ: ૪૪૦, ૧૧૪ મુજબના ગુનાના આવશ્યક તત્વો પુરવાર થતાં નથી તેમ મારું માનવું છે.

(૧૦) વધુમાં પક્ષકારો વચ્ચે સમાધાન થતાં આંક-૪૨ થી કલોઝીંગ પુરશીશ આપવામાં આવેલ હોય અન્ય કોઈ સાહેદો તપાસવામાં આવેલ નથી. તેમજ ત્યારબાદ બચાવપક્ષની સંમંતીથી આંક-૪૦ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું, આંક- ૪૧ થી અટક પંચનામું રજુ છે પરંતુ, ફરીયાદી તથા કહેવાતા બનાવના નજરે જોનાર સાહેદો પોતે જ ફરીયાદપક્ષના કેસની હકીકતો શંકા રહીત જણાવી શકતા ન હોયત્યારે આ કામના આરોપીઓ સામે સદર દસ્તાવેજોનું પુરાવાજન્ય મુલ્ય રહેતું નથી તેમ મારું માનવું છે.

(૧૧) આમ ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો ફરીયાદી એ ફરીયાદ હકીકત શંકા રહિત પુરવાર થાય તેવો પુરાવો આપેલો ન હોય અને પક્ષકારો વચ્ચે સમાધાન થતાં આ કામે આંક: ૩૫ થી પક્ષકારોએ સમાધાન પુરસીસ તથા ફરીયાદપક્ષે આંક-૪૨ થી વિ.એપીપીશ્રી મારફત કલોઝીંગ પુરશીશ રજુ કરેલ છે તે અંગે જોઈએ તો, નામદાર સુપ્રિમ કોર્ટે **૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાના નં: ૮૫** પર પ્રસિધ્ધ કેસ **સતીષ મહેરા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન** ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત મુજબ, જયારે મહત્વ નાં સાહેદોએ ફરિયાદપક્ષને સમર્થન કરેલ ન હોય ત્યારે બાકીનાં સાહેદોને તપાસવા ની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી. નામદાર અદાલતે નિરીક્ષણ કરેલ કે.... When Judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of Court Should not be wested for

holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

આથી, જયારે ભારત દેશમાં ના. કોર્ટોમાં ઘણાં કોન્ટેસ્ટેડ કેસો પેન્ડીંગ છે ત્યારે, જયારે હાલનાં કેસમાં મુખ્ય મહત્વનાં સાહેદો તથા ફરીયાદી એ ફરિયાદ પક્ષનાં કેસને સપોર્ટ કરેલ નથી, ત્યારે બાકીનાં સાહેદોને તપાસવાથી ક્રીમીનલ જયુરીશ્પ્રુડન્શ મુજબ કેસ નિ:શંક પણે પુરવાર થઈ શકે તેમ નથી.

વધુમાં, નામ. સુપ્રિમ કોર્ટે પ્રસિધ્ધ કરેલ 1998 CRI. L. J. 2481 State of Karnataka v. G. Narayanamurthy, AIR 2008 (SC) pG 1969 MADAN MOHAN ABBOT V. STATE OF PUNJAB & 2012 ACC (76) pG 279 Shiji @ Pappu Vs Radhika સહિતનાં સંખ્યાબંધ ચુકાદામાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે,સામાન્ય રીતે કોર્ટો એ જયારે પક્ષકારો વચ્ચે વ્યકિતગત તકરાર હોય તથા મુખ્ય ફરિયાદી ભોગબનનાર વિમુખ થયેલ હોય અને ફરિયાદપક્ષને બીલકુલ સપોર્ટ કરેલ ન હોય તો તે અંગે કોર્ટ તેનો કિંમતી સમય અન્ય સાહેદોને તપાસવામાં વ્યર્થ કરવો જોઈએ નહી. નામદાર કોર્ટમાં કેસોનું ભારણ છે, તેવા સંજોગોમાં આરોપી સામેનો કેસ ક્રીમીનલ જયુરીશ્પ્રુડન્સ મુજબ નિ:શંક પુરાવાથી પુરવાર થઈ શકે નહી. કોર્ટોએ જે કેસમાં ફરિયાદ પક્ષ ને ફાયદારૂપ ચુકાદો આપવાનો ન હોય તેવા કેસોને લાંબા સમય સુધી પડતર રાખવાનું પરવડી શકે તેમ નથી તેમ ઠરાવેલ હોય જેથી ઉપરોકત ચર્ચા અનુસાર આ કામે ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવા ઉપરથી ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ તથા ગુનાના આવશ્યક તત્વો પણ આરોપીઓ વિરૂધ્ધ પુરવાર થતા ન હોય પોઈન્ટ નં. (૧) નો નિર્ણય **<u>નકારમાં</u>** આપી પોઈન્ટ નં.(૨) નાં પ્રત્યુતરરૂપે આખરી આદેશ નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

૧.આ કામના આરોપીઓ **:(૧) ગોવિંદ ચનાભાઈ હુંબલ (૨) ભાવેશ શંકરભાઈ હુંબલ** નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ –૨૪૮(૧)અન્વયે ઈ.પી.કો. કલમ–૪૪૦, ૧૧૪ મુજબના ગુનામાંથી પણ પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપીઓના જામીનખત અપીલ પીરીયડ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

**(એસ.ડી.ત્રીપાઠી)**
બીજા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અંજાર – કચ્છ.
**જજ કોડ નં. જીજે૦૧૪૦૨**

અંજાર–કચ્છ
તારીખ : ૧૬/૦૩/૨૦૨૫